MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

# ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકો પર વર્તમાન સમયમાં આરોગ્ય વિષયક સમસ્યાઓ

**મગનભાઈ.એમ.મકવાણા**
આસિસ્ટન્ટ પ્રોફેસર,
અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

**સારાંશ:**

ઔદ્યોગિક ક્રાંતિ પછી, શહેરોમાં રોજગારીની વધુ તકો હોવાથી ગ્રામ્ય વિસ્તારો તરફથી શહેરો તરફ વિશ્વભરમાં સ્થળાંતર શરૂ થયું. તેને કારણે શહેરો/નગરોમાં આવાસોની અછત સર્જાતા, ઝૂંપડપટ્ટીઓની સમસ્યા ઊભી થઈ. આ સમસ્યાઓમાં મુખ્યત્વે વસતિની ગીચતા વધવાને કારણે, સ્થળાંતરીતોમાટે વીજળી, પાણી, સેનેટરી, આવાસો, આરોગી વિષયક સમસ્યાઓ, પ્રદૂષણની સમસ્યા, તેમણે આજીવિકા, રોજીરોટીની સમસ્યા, તેમના બાળકો માટે શિક્ષણની સમસ્યા વગેરે... સમસ્યાઓ ઉદ્દભવી. વર્ષ ૧૯૫૧ થી ૨૦૧૧ સુધીના શહેરીકરનના આંકડાઓ રજૂ કર્યા છે. ઝૂંપડપટ્ટીના કારણે સર્જાતી આરોગી વિષયક તેમજ પ્રદૂષણને લગતી સમસ્યાઓ વર્ણવી છે. તેમજ પ્રદૂષણના નિવારણ માટે વિવિધ ઉપાયો સૂચવ્યા છે.

અંતમાં, ઝૂંપડપટ્ટીને કારણે સર્જાતી આરોગી વિષયક સમસ્યાઓના નિરાકરણ માટેના ઉપાયો દર્શાવ્યા છે.

**ચાવીરૂપ શબ્દો:** *ઝૂંપડપટ્ટી, આરોગ્ય વિષયક સમસ્યાઓ, શહેરીકરણ, પ્રદૂષણ*

**પ્રસ્તાવના:**

ઔદ્યોગિક ક્રાંતિ પછી, વિશ્વભરમાં તેને કારણે શહેરીકરણની સમસ્યા શરૂ થઈ. શહેરોમાં રોજગારીની તકો વધુ હોવાથી ગ્રામ્યવિસ્તાર તરફથી શહેરો-નગરો તરફ સ્થળાંતર શરૂ થયું. ભારત જેવા વિકસતા દેશોમાં આ પ્રક્રિયા વધુ સતેજ બની. જેણે નીતિ નિર્ણાયકો, વહીવટકારો તેમજ સમાજશાસ્ત્રીઓ માટે અનેક પ્રશ્નો સર્જી દીધા. અને આ વિકટ સમસ્યાને કારણે ઉદ્દભવેલ અનેક સમસ્યાઓના હલ માટે વિચારતા કરી દીધાં. આ સમસ્યાઓમાં મુખ્યતઃ વસ્તીની ગીચતા વધવી, સ્થળાંતરીતો માટે પાણી, સેનેટરી, વીજળી સહિત રહેણાંક આવાસોની કમી

હોવી, નાના ઘરમાં વધુ વસ્તીને કારણે આરોગ્ય વિષયક સમસ્યાઓ ઉદ્દભવવી, પ્રદૂષણની સમસ્યા, તેમણે આજીવિકા-રોજીરોટીની સમસ્યા, તેમના બાળકો માટે શિક્ષણની સમસ્યા વગેરે અનેક સમસ્યાઓ ઊભી થઈ.

આઝાદી પછી ૧૯૫૧ માં પ્રથમ વસ્તી ગણતરી થઈ. ૧૯૫૧-૨૦૧૧ દરમિયાન દર દાયકે સરેરાશ ૨.૬૩% શહેરીકરણ થતું રહ્યું છે. ૧૯૫૧-૨૦૧૧ દરમિયાન કુલ ૧૩.૮૬% શહેરીકરણ થયું છે. ભારતમાં ૧૯૦૧ માં ૧૦.૮% વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરતી હતી. ૧૧૦ વર્ષ પછી ૨૦૧૧ માં ૩૧.૬% વસ્તી શહેરોમાં વસવાટ કરે છે. આમ, ૧૧૦ વર્ષોમાં ભારતમાં ૨૦.૮% શહેરીકરણ થયું તેમ કહેવાય. ભારતમાં વિભિન્ન કદના નગરો/શહેરોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. ૧૯૭૧ માં નગરો/શહેરોની સંખ્યા ૨૫૯૦ હતી તે વધીને ૧૯૮૧ માં ૩૩૭૮,૧૯૭૧ માં ૩૭૬૮, ૨૦૦૧ માં ૪૧૪૨ અને ૨૦૧૧ માં આ સંખ્યા ૭૯૩૬ થવા પામી છે.

૧૯૫૧માં એક લાખથી વધુ વસ્તીવાળા શહેરોની સંખ્યા ૭૬ હતી તે વધીને ૨૦૦૧માં ૩૯૪ અને ૨૦૧૧ માં ૪૬૮ થવા પામી. ૨૦૧૧ની વસ્તી પ્રમાણે શહેરી વસ્તી ૩૭૭ મિલિયન છે. તેમાંથી ૭૦% વસ્તી આ શહેરોમાં નિવાસ કરે છે. એક લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં વસ્તી વૃદ્ધિનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. જ્યારે એક લાખથી ઓછી વસ્તીવાળા નગરોની વસ્તીમાં સાધારણ વધારો થયો છે. એક લાખથી વધુ વસ્તીવાળા ૪૮૬ શહેરોમાંથી ૫૩ શહેરોની વસ્તી દશ લાખથી વધુ છે. આ શહેરો દેશમાં મુખ્ય શહેરીકેન્દ્રો ગણાય છે. આ ૫૩ શહેરોમાં દેશની કુલ વસ્તીના ૪૨% લોકો વસવાટ કરે છે. 10 લાખથી વધુ વસ્તીવાળા આ શહેરો મેગાસીટીઝ કહેવાય છે. ૧૯૫૧માં મેગાસિટીની સંખ્યા ૫ હતી. તે ૧૯૯૧માં ૨૩ થઈ. ૨૦૦૧માં ૨૭ થઈ અને ૨૦૧૧માં સંખ્યા ૩૫ થવા પામી. મેગાસીટીઝ અન્ય શહેરોની તુલનામાં વસ્તીના કદ, ઘનતા અને વૈવિધ્યની દ્રષ્ટિએ જુદા તારી આવે છે. ભારતમાં અઢાર રાજ્યોમાં ૧૦ લાખથી વધુ વસ્તીવાળા આ શહેરો છે. ગુજરાતમાં દશ લાખથી વધુ વસ્તીવાળા ૪ શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત છે. વસ્તીના કદની દ્રષ્ટિએ ગ્રેટર મુંબઈ ૧૮.૪ મિલિયન વસ્તી સાથે પ્રથમ ક્રમે આવે છે. ત્યાર પછીના ક્રમે દિલ્હી, કલકત્તા, ચેન્નઈ અને બેંગલોરનો સમાવેશ થાય છે. આ શેરોમાં મકાન/રહેણાંકની સુવિધાના અભાવને કારણે ઝૂંપડપટ્ટીનો વિકાસ થયો છે. મુંબઈની ધારાવીની ઝૂંપડપટ્ટી પ્રખ્યાત છે.

- ★ **ઝૂંપડપટ્ટી એક શહેરી સમસ્યા તરીકે:**

ઝડપી શહેરીકરણની પ્રક્રિયામાં થતી રહેતી શહેરો/નગરોની વૃદ્ધિ-વિકાસની સમાંતરે ગંદા વસવાટો અર્થાત ઝૂંપડપટ્ટી એક અનિવાર્ય પ્રક્રિયા અથવા સામાજિક ઘટના કહી શકાય છે. ગંદા વસવાટની સમસ્યા એક નગરીય/શહેરી સમસ્યા છે. આ સમસ્યા શહેરી ભારતમાં રહેણાંકોની તંગીની સમસ્યા સાથે ગાઢ સંબંધો ધરાવે છે. તેમજ તેમાં ઉમેરો કરે છે. શહેરી વિસ્તારમાં ઘણા-ખરા લોકો ઘરવિહોણા છે. આવા લોકો ગંદાવસવાટોમાં

જીવન જીવતા હોય છે. વર્ષ ૨૦૦૧ ના એક અંદાજ મુજબ ભારતના શહેરી વિસ્તારોમાં ૬૧.૮% મિલિયન વસ્તી માનવ વસવાટ માટે અયોગ્ય ગણવામાં આવતા ગંદા વસવાટોમાં જીવન જીવે છે.

અમુક અપવાદોને બાદ કરતાં દુનિયાના લગભગ દરેક દેશમાં ગંદા વસવાતો છે. વિકસતા જતાં ભારતમાં દરેક નાના-મોટા નગરો, મહાનગરો તથા મેટ્રોપોલિટન શેરોમાં ગંદા વસવાટોની સંખ્યા અને તેમાં વસવાટ કરતી વસ્તી સતત વધતી રહે છે. અને તે નગર/શહેરની મૂળભૂત સેવાઓ તથા નગરના ભૌતિક-સામાજિક આંતરમાળખા ઉપર સતત પ્રચંડ દબાણ કરે છે. તેમજ વિવિધ અસરો ઉપજાવે છે. ઝડપી શહેરીકરણ અને શહેરો/નગરોના ઝડપી વૃદ્ધિ-વિકાસના પરિણામે ઉદ્દભવેલી ગંદા વસવાટોની વ્યાપક સમસ્યાને પહોંચી વળવું મુશ્કેલ બને તેવી તે જટિલ સમસ્યા છે.

ગંદા વસવાટોને કારણે રહેણાંકની તંગી, ગંદકી, ગરીબી, શિક્ષણનો અભાવ, આર્થિક-સામાજિક પછાતપણું, મૂળભૂત સુવિધાઓ અને નાગરિક જીવનની સુવિધાઓનો અભાવ, સાંસ્કૃતિક વિચ્છેદ વગેરે સમસ્યાઓ ઉદ્દભવે છે.

આમ, અતિવસ્તી, શહેરીકરણ તરફની દોટ, રોજગારી માટે સ્થળાંતર, ગરીબી અને બેરોજગારી, નિરક્ષરતા, દૂરંદેશીપણાનો અભાવ, ઉદ્યોગીકરણ વગેરે ગંદા વસવાટોના મુખ્ય કારણો છે. જેણે લીધે સમાજમાં ગુનાખોરી, માનવતાનો હ્રાસ, બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિ,મદ્યપાન અને જુગાર, કૌટુંબિક ઝગડાઓ, અસલામતી ભર્યું જીવન, વિપરીત સમાજીકરણ વગેરે તેના પરિણામો છે.

ઝૂંપડપટ્ટીમાં ગીચ-વસ્તી તેમજ આરોગી વિષયક ટેવોના અભાવને કારણે અનેક સમસ્યાઓ સર્જાઈ છે.

### ★ ઝૂંપડપટ્ટીને કારણે સર્જાતી સમસ્યાઓ:

ઝૂંપડપટ્ટીના કારણે સર્જાતી મુખ્ય સમસ્યાઓમાં પ્રદૂષણ, તેને કારણે અનેક ચેપી રોગોનો ફેલાવો, બિનઆરોગ્યપ્રદ વાતાવરણને કારણે મચ્છર, તેમજ અન્ય બેક્ટેરિયાની વૃદ્ધિ થાય છે. કચરાના ઢગ ખડકાય છે. શુદ્ધ પાણી અને અશુદ્ધ પાણી મિશ્રિત થઈ જવાના કારણે કેટલીક વાર પાણીજન્ય રોગો જેવાકે કોલેરા, ટાઇફોઇડ, મરડો, વગેરે ફેલાય છે. ભૌતિક પ્રદૂષણ, સામાજિક પ્રદૂષણ, સાંસ્કૃતિક પ્રદૂષણ સર્જાય છે. જે જોખમરૂપ તેમજ પડકારરૂપ બને છે. ભૌતિક પ્રદૂષણમાં વાયુ કે હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, અવાજ-ધ્વનિનું પ્રદૂષણ વગેરે ફેલાય છે.

આમ, હવા, પાણી, જમીન, ખોરાક અને અવાજનું પ્રદૂષણ વ્યક્તિગત અને જાહેર આરોગ્ય ઉપર વિપરીત અસર કરે છે. આરોગ્ય એટલે કે રોગો તેમજ ખોડ-ખાંપણનો અભાવ તેમજ શારીરિક, માનસિક અને સામાજિક

રીતે સંતોષકારક સ્થિતિ, આવી સ્થિતિને સંતોષકારક આરોગ્ય પરિસ્થિતી કહેવાય. સંતોષકારક આરોગ્ય સ્થિતિ વ્યક્તિ, કુટુંબ તેમજ રાષ્ટ્રની સંપત્તિ છે. વ્યક્તિની ઉત્પાદકતાનો આધાર તેનું આરોગ્ય છે. તન અને મનની સ્વસ્થ સ્થિતિને આરોગ્ય કહેવાય.

પ્રદૂષણની અસરોને કારણે વનસ્પતિ સૃષ્ટિ પર વિપરીત અસર, પ્રાણી સૃષ્ટિ પર વિપરીત અસર, જમીનની ફળદ્રુપતામાં ઘટાડો, પાણીની અછત અને શુદ્ધ ... જવનો પ્રશ્ન, કૃષિ અને ઔદ્યોગિક વિકાસ પર વિપરીત અસર, કેટલીક વાર એસિડ રેઇનની ઘટના બનાવી, આબોહવામાં પરીવર્તન, ઓઝોન સ્તરને નુકસાન વગેરે સામેલ છે.

★ **પ્રદૂષણને કારણે સર્જાતી સમસ્યાઓ:**

જમીનના પ્રદૂષણને કારણે તેમાં ઊગતા પાકો પણ પ્રદૂષિત થાય છે. જમીનમાં ઉગેલો ઘાસચારો ગાય-ભેંસ ખાય છે અને પ્રદૂષિત ખોરાકથી બનેલ દૂધ-ઘી આવે છે. જે માનવ આરોગ્યને હાનિ પહોંચાડે છે. પ્રદૂષિત ફળો ખાવાથી સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે.

ખોરાકનું પ્રદૂષણ તંદુરસ્ત જીવન જીવવામાં અવરોધક બને છે અને રોગજન્ય પરિસ્થિતી પેદા કરે છે. ભેળસેળ વાળા ખોરાકથી ફૂડ પોઇઝનિંગ થવાથી મૃત્યુ થયાના કિસ્સા બને છે.

પ્રદૂષિત હવા પશુ-પંખીઓ, જીવજંતુઓ, વનસ્પતિ અને માનવી માટે જોખમકારક બને છે. હવાનું પ્રદૂષણ આરોગ્ય ઉપર વિપરીત અસર કરે છે. અને કાર્યશીલતામાં ઘટાડો કરે છે. તે જીવલેણ રોગો પેદા કરે છે. હવાના પ્રદૂષણથી જમીન, પાણી અને વનસ્પતિ પણ પ્રદૂષિત બને છે. હાલમાં મુંબઈની ધારાવીમાં કોરોનાનો કેર વર્તાવ્યો હતો.

પાણીના પ્રદૂષણથી માનવ સ્વાસ્થ્યનું સ્તર નીચું જવા પામે છે. પાણીજન્ય રોગો જેમકે કોલેરા, ટાઇફોઇડ, મરડો, ઝાડા-ઉલ્ટી, વગેરે રોગો ફેલાય છે. રોગજન્ય પરિસ્થિતિથી માનવીનું સ્વાસ્થ્ય રૂંધાય છે અને તેની ઉત્પાદકતામાં ઘટાડો થાય છે. પ્રદૂષિત પાણીથી થતું અનાજ, શાકભાજી, ફળફળાદી વગેરે માનવીના ખોરાક દ્વારા માનવસ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે.

આવી જ રીતે અવાજ-ધ્વનિના પ્રદૂષણને કારણે પણ માનવસ્વાસ્થ્ય પર વિપરીત અસરો સર્જાય છે.

### ★ ઝૂંપડપટ્ટીને કારણે સર્જાતી આરોગ્ય વિષયક સમસ્યાના નિરાકરણના ઉપાયો:

૧. ઘન કચરાના નિકાલ માટે મહાનગર પાલિકા, નગરપાલિકાઓ દરરોજ કચરો એકત્ર કરાવી, તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ, જેથી ગંદકીના ઢગ ન વિકસે.

૨. ગંદા પાણીના નિકાલ માટે સેન્ટ્રલપોલ્યુઝન કંટ્રોલ બૉર્ડ દ્વારા યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ.

૩. દિલ્હી જેવા મેટ્રોપોલિટિન સિટીમાં કાયમ હવા પ્રદૂષિત રહેતી હોય છે. વાહન-વ્યવહાર દ્વારા તેમજ આજુબાજુના ખેડૂતો જે ... લાવે છે તેથી કાર્બનડાયોક્સાઈડનું પ્રમાણ વધે છે. તેને નિવારવાના વિવિધ ઉપાયો થવા જોઈએ.

૪. લોકોમાં પર્યાવરણીય જાગૃતિ વિકસાવવાની કામગીરી માટે બિનસરકારી સંગઠનો (N.G.O.), જનસમુદાય સંચાર માધ્યમો (media) અને અન્ય સંબંધિત સંસ્થાઓએ કાર્ય કરવું જોઈએ. લોકોને પ્રર્યાવરણ જાગૃતિ માટે શિક્ષણ આપવું જોઈએ, ગંદા વસવાટોમાં રહેતા લોકોને આરોગ્ય વિષયક તાલીમ/માર્ગદર્શન આપવું જોઈએ.

૫. પર્યાવરણના શિક્ષણ અંગેની તાલીમ આપવી જોઈએ.

૬. પર્યાવરણના જતન માટે લોકજાગૃતિને ગતિશીલ કરવી. આ માટે સરાકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સહિત સૌએ દિલથી, ગંભીરતાથી કામ કરવાની જરૂર છે.

**સમાપન:**

ઔદ્યોગિક ક્રાંતિ પછી ઝડપી શહેરીકરણને કારણે ગંદા વસવાટો અર્થાત ઝૂંપડપટ્ટીની એક અનિવાર્ય સામાજિક ઘરનો પ્રક્રિયા ઉદ્દભવી. જેને આયોજકો, નીતિ-નિર્ણાયકો, વહીવટકારો તેમજ સમાજશાસ્ત્રીઓ માટે અનેક પ્રશ્નો સર્જ્યા. ૧૧૦ વર્ષમાં ભારતમાં ૨૦.૮% શહેરીકરણ થયું, ૭૦% વસ્તી (૩૯૯ મિલિયન) ૪૬૮ શહેરોમાં વસે છે. એક લાખથી વધુ વસ્તીવાળા ૫૩ શહેરોમાં ૪૨% લોકો વસે છે. ૨૦૧૧ સુધીમાં દશ લાખથીવધુ વસ્તીવાળા ૩૫ શહેરો વિકસ્યા. ભારતમાં ૧૮ રાજ્યોમાં આ ૧૦ લાખથી વધુ વસ્તીવાળા ૫૩ શહેરો છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત છે.ઝૂંપડપટ્ટીના કારણે સર્જાતી મુખ્ય સમસ્યાઓમાં પ્રદૂષણ, તેને કારણે અનેક ચેપી રોગોનો ફેલાવો, બિન આરોગ્યપ્રદ વાતાવરણને કારણે મચ્છર, તેમજ અન્ય બેકટેરિયાની વૃદ્ધિ થાય છે. કચરાના ઢગ ખડકાય છે. શુદ્ધ પાણી અને અશુદ્ધ પાણી મિશ્રિત થઈ જવાના કારણે કેટલીક વાર પાણીજન્ય રોગો જેવાકે કોલેરા, ટાઇફોઇડ, મરડો, વગેરે ફેલાય છે. પ્રદૂષણને કારણે અનેક સમસ્યાઓ સર્જાય છે. અંતમાં, ઝૂંપડપટ્ટીને કારણે પ્રદૂષણ તેમજ આરોગ્ય વિષયક સમસ્યાઓના નિરાકરણ માટેના કેટલાક ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

**સંદર્ભ સૂચિ:**

૧. દેસાઇ. એ. આર અને નિરા દેસાઇ; "વિકસતા શહેરો અને ઝૂંપડપટ્ટી"

૨. વિદ્યાર્થી. લલિતપ્રસાદ; "ભારતીય નગર" (સંપાદક: ડો. દેસાઇ અને દેસાઇ)

૩. બલસારા. જે. એફ; "પ્રોબ્લેમ્સ ઓફ રેપિડ અર્બનાઇઝેશન ઇન ઈન્ડિયા"

૪. બલસારા. જે.એફ; "ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન એન્ડ ઇટ્સ કોનસીક્વન્સીસ"

૫. રાવ. એમ. એસ. એ (ed.); "અર્બન સોશિયોલોજી ઇન ઈન્ડિયા"

૬. દેસાઇ. એ. આર. ; "સ્લમ્સ એન્ડ અર્બનાઇઝેશન"

૭. વિદ્યુત જોશી; "માઈગ્રન્ટ લેબર એન્ડ રિલેટેડ ઇસ્યુઝ"

૮. બર્ગેલ; "અર્બન સોશિયોલોજી"

૯. મોરિસ; "અર્બન સોશિયોલોજી"

Certificate No.:03052025022

**MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)**

**International Peer Reviewed and Refereed Journal**

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**મગનભાઈ.એમ.મકવાણા**

In recognition of the publication of the paper entitled

**ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકો પર વર્તમાન સમયમાં આરોગ્ય વિષયક સમસ્યાઓ**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**